જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૧૧/૨૦૨૧ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૦૪૪/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૯/૧૧/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૧૧	૦	૧૧૭૧૧	૧૭૮૨૧	૦	૧૭૮૨૧
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૦	૦	૧૨૦	૩૯૭	૦	૩૯૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૩૪૯૬	૧૩	૭૩૫૦૯	૭૪૫૬૬	૧૭	૭૪૫૮૩
કુલ		૯૦૦૬૦	૧૩	૯૦૦૭૩	૯૯૦૬૬	૧૭	૯૯૦૮૩

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	**MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ**
૧	અમદાવાદ શહેર	૨૫	૨૭,૦૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૩૪	૧,૩૪,૦૦૦/-

પાસા અટકાયતની વિગત

નરોડા પોલીસ સ્ટેશન

શરીર સબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ (૧) નરોડા પો.સ્ટે. પાર્ટ એ.ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૫૨૧૧૫૩૮/૨૧ ઈ.પી.કો. કલમ ૧૮૨, ૧૯૩, ૧૯૬, ૨૧૧, ૨૯૪(ખ), ૫૦૭ મુજબ તથા (૨) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ એ.ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૧૧૧૫૨/૨૧ ઈ.પી.કો. કલમ ૩૩૨, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૮૬ મુજબના ગુના દાખલ થયેલ જે આરોપી વિરુધ્ધ આધાર રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા /૬૨૧/૨૦૨૧ તા.૦૯/૧૧/૨૦૨૧ ના હુકમ આધારે સદરી આરોપીને તા.૦૯/૧૧/૨૦૨૧ ના કલાક-૨૧/૧૫ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા-૦૯/૧૧/૨૦૨૧

આરોપીનુ નામ -

રાહુલ કેશવલાલ જાતે ચન્દ્રાકર ઉ.વ.૪૬ રહે.એ/૩૦૬ આગમન રેસીડન્સી નવા નરોડા અમદાવાદ

કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ. એ.એમ.પટેલ તથા સર્વેલન્સ સ્કોડ સ્ટાફ તથા પી.આઇ. પર્સનલના હે.કો. વિરેન્દ્રસિંહ ભગવાનસિંહ બ.નં.૩૫૦૪ તથા પો.કો. જયેન્દ્રસિંહ શંકરજી બ.નં. ૮૩૩૭ તથા પો.કો. કિર્તનસિંહ વિક્રમસિંહ બ.નં.૯૬૪૯ તથા લોકરક્ષક શૈલેષસિંહ ધુળસિંહ બ.નં. ૧૧૭૩૭



નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૦૪૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૧૮૯ લીટર દેશી દારૂ, ૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧૦ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૩,૨૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૦૪૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ **સમાચાર યાદી નં.૨૦૪૭/૨૦૨૧**

સોલા હાઈકોર્ટઃ દિશાંત મનોજભાઈ પટેલ (ઉ.વ.૨૫) (રહે.પટેલવાસ ગોતા ગામ) એ તા.૦૯/૧૧/૨૦૨૧ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે મે/૨૦૨૧ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન ગોતા ગામ એરીસ્ટો આલયમ નામની સ્કીમની ઓફીસ ખાતે આરોપી સચિનભાઈ ભરતભાઈ સોની (રહે.સુથારવાસ પંચફળી દહેગામ) એ દિશાંત મનોજભાઈ પટેલ તથા અન્ય ૧૬ વ્યક્તિઓ પાસેથી માલદીવ ફરવા માટે કુલ ૬,૦૨,૦૦૦/- તથા મોસમભાઈ નાઓએ તેમના ઘરે આપેલા તેમના લગ્નના ગોવા જવાના વિમાનના બુકિંગ પેટે આપેલ કુલ રૂપિયા ૭,૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧૩,૧૨,૦૦૦/- મેળવી લઈ માલદીવ ફરવા નહી મોકલી તેમજ વિમાનનુ બુકિંગ નહી કરાવી તેમજ આપેલ પૈસા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ટી.આર.અકબરી ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૨૦૪૮/૨૦૨૧**

દાણીલીમડાઃ મુમતાજભાઇ મુન્નાભાઇ મન્સુરી (રહે. લાકડાના પીઠા પાસે, બોમ્બે હોટલ, દાણીલીમડા) એ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૧૧/૨૦૨૧ બપોરના ૨/૩૦ થી તા.૦૮/૧૧/૨૦૨૧ કલાક ૯/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન દાણીલીમડા ગુલાબનગર ખાતે આવેલ આશીર્વાદ એસ્ટેટમાં આવેલ “શ્રી મહાલક્ષ્મી ક્રિએશન” નામ ના કારખાનાની દિવાલનુ પતરૂં તોડી, અજાણી વ્યક્તિ કારખાનાની ઓફીસમા પ્રવેશ કરી ડી.વી.આર. કિંમત રૂપિયા ૪,૦૦૦/- તથા અલગ-અલગ કાપડના તાકા કિમત રૂપિયા ૯૯,૫૦૦/- મળી કુલ કિમત રૂપિયા ૧,૦૩,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.પી.ગરાસીયા ચલાવે છે.

વેજલપુરઃ અંસારભાઇ મોહમદભાઇ અંસારી (રહે. કેશવ કોલોની, હાજીબાવાની દરગાહ પાસે, જુની જકૂ ડેરીની બાજુમાં, જુહાપુરા) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૧૧/૨૦૨૧ સવારના ૧૦/૦૦ થી સાંજના ૭/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનની બારી તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૨,૦૪,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૨૪,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.ડી.ભટ્ટ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.